રાજ્યની જેલોમાં સજા પામેલ કેદીઓના
દૈનિક વેતન દરોમાં સુધારો કરવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ
**ઠરાવ ક્રમાંકઃજલક/૨૦૨૦૦૯/૨૨૦૪/જ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ૧૩/૦૭/૨૦૧૭**

વંચાણે લીધાઃ

(૧) ગૃહ વિભાગનો તા.૨૯/૧૦/૯૮નો ઠરાવ ક્રમાંકઃજલક/૪૮૯૨/એસસીઆર-૨૮/જ(પાર્ટ-૧)

(૨) ગૃહ વિભાગનો તા.૨૭/૦૫/૨003નો ઠરાવ ક્રમાંકઃજલક/૫૦૨૦૦૦/૨૧૯૧/જ

(૩) ગૃહ વિભાગનો તા.૧૫/૧૨/૨૦૦૯નો સમાનાંકી ઠરાવ

(૪) ગૃહ વિભાગનો તા.૧૦/૦૧/૨૦૧૪નો સમાનાંકી ઠરાવ

(૫) ગૃહ વિભાગનો તા.૧૩/૦૮/૨૦૧૫નો સમાનાંકી સુધારા ઠરાવ

(૬) જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા.૨૭/૦૧/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃઉદ્યોગ/૧/૩૫/૨૦૧૬.

(૭) જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા.૧૬/૦૬/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃઉદ્યોગ/૧/૨૨૨/૨૦૧૬.

---

**ઠરાવઃ**

રાજ્યની જેલોમાં રહેલ સજા પામેલ કેદીઓને જેલમાં માનસ સુધારણા પ્રવૃત્તિના ભાગરૂપે, સજા પૂર્ણ કરી જેલમુક્ત થયા બાદ તેઓ સમાજમાં પુનર્વસન પામી શકે, તેઓને જેલ જીવન દરમિયાન દૈનિક પ્રવૃત્તિ સાથે આર્થિક ઉપાર્જન પણ મળી રહે તેમજ તેઓના કૌશલ્યનો પણ વિકાસ થાય તેવા વિવિધ રચનાત્મક અને હકારાત્મક અભિગમ અન્વયે કેદીઓને તાલીમ-સહ-ઉત્પાદનના ધોરણે વિવિધ ઉદ્યોગલક્ષી કામગીરી સોંપી તૈયાર કરવામાં આવે છે, આ કામગીરીના ભાગરૂપે કેદીઓને વર્ગીકૃત કરી બિનકુશળ, અર્ધકુશળ અને કુશળની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ યાદી મુજબ આમુખઃ(૪)માં જણાવેલ ઠરાવથી કેદીને તેઓએ કરેલ કામગીરીના બદલામાં વળતર તરીકે બિનકુશળ કેદીઓ માટે રૂ.30/-, અર્ધકુશળ કેદીઓ માટે રૂ.3૬/- અને કુશળ કેદીઓ માટે રૂ.૪૨/- મુજબ માનદવેતન ચૂકવવાની મંજૂરી આપવામાં આવેલ.

૨. કેદીઓને તેઓની કૌશલ્યવર્ધન માટેની કામગીરીના પ્રમાણમાં વળતર તરીકે આપવામાં આવતા પ્રવર્તમાન માનદ વેતનમાં વધારો કરવા માટે નામ.ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ ક્રિમીનલ મિસેલેનીયસ એપ્લીકેશન નં.૧૩૯૯૦/૨૦૧૩માં નામ.હાઇકોર્ટ તરફથી આપવામાં આવેલ દિશાસૂચન તેમજ અન્ય રાજ્યોમાં કેદીઓને ચૂકવવામાં આવતા માનદ વેતનના દર તેમજ મોંઘવારી આંકને લક્ષમાં લઇ જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીની આમુખઃ(૬) સામે દર્શાવેલ દરખાસ્ત અન્વયે રાજ્યની જેલોમાં કેદીઓને કૌશલ્યવર્ધન માટેની વ્યાવસાયિક તાલીમ-સહ-ઉત્પાદનની કામગીરીના ભાગરૂપે વળતર પેટે ચૂકવવામાં આવતા દૈનિક માનદ વેતનમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ

હતી, પુખ્ત વિચારણાને અંતે કેદીઓને ચૂકવવામાં આવતા દૈનિક માનદ વેતન નીચે દર્શાવેલ દરે ચૂકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે. આવી મંજૂરી નીચે દર્શાવેલ શરતોને આધિન રહેશે.

| | |
|---|---|
| બિનકુશળ કેદીઓ માટે | રૂ. ૭૦/- |
| અર્ધકુશળ કેદીઓ માટે | રૂ. ૮૦/- |
| કુશળ કેદીઓ માટે | રૂ.૧૦૦/- |

શરતઃ

રાજ્યની જેલોમાં કેદીઓને તેઓના કૌશલ્યવર્ધન માટેના વ્યાવસાયિક તાલીમ-સહ-ઉત્પાદનની કામગીરીના ભાગરૂપે વળતર પેટે આપવામાં આવતા દૈનિક માનદ વેતનમાં કરવામાં આવેલ સુધારા અન્વયે સુધારેલ દરો અમલમાં આવે ત્યારથી આમુખઃ(૫) સામે દર્શાવેલ ઠરાવના ફકરા-૨માં નિર્દિષ્ટ ફોર્મ્યુલા મુજબ જેલ ઉત્પાદીત વસ્તુઓની વેચાણ કિંમત નવેસરથી નક્કી કરવાની રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપરની નાણાં વિભાગની તા.૧૪/૩/૨૦૧૭ની નોંધથી તેમજ સરકારશ્રીની તા.૧૦/૦૭/૨૦૧૭ના રોજ મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેન્દ્ર આર. સોની)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,
- પરમ સન્માનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રી અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, સર્વે માન.મંત્રીશ્રી/માન.રા.ક.મંત્રીશ્રી/માન.સંસદીય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- આચાર્યશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ.
- સર્વે જેલ અધિક્ષકશ્રીઓ (જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફત)
- નાણા વિભાગ 'ચ' શાખા, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, 'આર' શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ